રજુ તારીખ : ૧૩/૫/૨૦૧૯

દાખલ તારીખ : ૧૩/૫/૨૦૧૯

ફેસલ તારીખ : ૬/૭/૨૦૨૨

વર્ષ : .., માસ : .., દિવસ : ..,

सत्यमेव जयते

Principal Senior Civil Judge & Additional Chief Judicial Magistrate Court, Savarkundla

ફોજદારી કેશ નં. ૩૧૨/૨૦૧૯

આંક –

અશોકભાઈ નાનજીભાઈ મહેતા

રહે. મહાકાળી ચોક, 'મહેતા નિવાસ',

હાથસણી રોડ, સાવરકુંડલા. ... **ફરિયાદી.**

વિરૂધ્ધ.

નરેશભાઈ જેઠાભાઈ પાલા

રહે. દિગમ્બર દેરાસર સામે, 'શિવઆશીષ',

ગાંધી ચોક, સાવરકુંડલા. ... **આરોપી.**

<u>ગુન્હો :</u> **<u>ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ મુજબ.</u>**

ફરીયાદી તરફે વિ.વકીલ શ્રી : કે. એમ. ત્રિવેદી

આરોપી તરફે વિ.વકીલ શ્રી : જે. પી. ત્રિવેદી

:: JUDGMENT ::

(૧.૦) ફરીયાદીની હાલની ફરીયાદની હકીકત એવી છે કે : ફરીયાદી વેપાર કરે છે અને આરોપી સોનીકામ કરે છે તથા બંન્ને સાવરકુંડલા ગામના વતની છે. આરોપી તથા રમેશભાઈ જેઠાભાઈ પાલા અવાર નવાર ફરીયાદીને મળતા હોય ફરીયાદી સાથે તેઓની મિત્રતા બંધાયેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે : આરોપી સાથે મિત્રતા બંધાતા આરોપીને નાણાની જરુરીયાત ઉભી થતા તેઓએ ફરીયાદીને વાત કરતા ફરીયાદીએ આરોપીને રુપીયા ૩,૦૦,૦૦૦/- અંકે રુપીયા ત્રણ લાખ પુરા રોકડા રમેશભાઈ જેઠાભાઈની હાજરીમાં અને તેમની જવાબદારીએ આપેલા. જે સમયે આરોપીએ એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે તેઓ નજીકના ભવિષ્યમાં આ હાથ ઉછીના લીધેલ નાણા પરત કરશે. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે : હાથ ઉછીના આપેલ આ નાણાની ફરીયાદીએ અવાર નવાર ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીના નામજોગના એસ.બી.આઈ. દરબારગઢ સાવરકુંડલા શાખાના તા. ૧૫/૦૪/૨૦૧૯ ના રોજના રકમ રુપીયા ૧ ,૦૦,૦૦૦/- ના ત્રણ ચેકો ૧) ચેક નં. ૭૯૬૯૫૫, ૨) ચેક નં. ૭૯૬૯૯૭ અને ૩) ચેક નં. ૭૯૬૯૮૬ આપેલા. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે : સદર ચેક ફરીયાદીએ તેમના એસ.બી. આઈ. સાવરકુંડલા શાખામાં રજુ કરતા તે ચેક **'અપુરતા ભંડોળ'** ના શેરા સાથે પરત આવેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે : ચેક રીટર્ન થયા બાદ ધોરણસરની ડિમાન્ડ નોટીસ સમય મર્યાદામાં તા. ૨૦/૦૪/૨૦૧૯ ના રોજ રજીસ્ટર એડી પોસ્ટના માધ્યમથી આરોપીને મોકલેલ,

જે 'લેફ્ટ' ના શેરા સાથે પરત ફરેલ, આ પછી સમય મર્યાદામાં આરોપીએ લેણી રકમ વસુલ આપેલ નથી.

(૧.૧) એ રીતે લેણી રકમ સબંધે ચેક આપેલ તે ચેક **અપુરતા ભંડોળ** ના કારણે પરત ફરેલ તે પછી ઘોરણસર ડિમાન્ડ નોટીસ આપવા છતાં લેણી રકમ વસુલ નહી આપી આરોપીએ ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ- ૧ ૩૮ અન્વયેનો ગુન્હો કરેલો હોવાના આક્ષેપ સાથે ફરીયાદીએ હાલની ફરીયાદ રજુ રાખી આરોપી સામે કાયદેસર કાર્યવાહી કરવા તથા સજા અને દંડ કરવા તથા વળતર અંગે આદેશ કરવા અરજ કરેલ છે.

(૨.૦) ઉપરોકત હકીકત મુજબની ફરીયાદ તથા સાથે સામેલ દસ્તાવેજી પુરાવા અને ફરીયાદીના વેરીફીકેશનને ઘ્યાને લઈ ગુન્હાનુ કોગ્નીઝન્સ લેવામાં આવેલ અને આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવા હુકમ કરવામાં આવેલ. પ્રોસેસ આધારે આરોપી અદાલતમાં ઉપસ્થિત થતા આરોપીને કેસ પેપર્સની નકલો આપી, આક્ષેપીત ગુન્હા અંગે તથા ફરીયાદ હકીકત અંગે તેઓની સમજ આપી **આંક- ૯** ની વિગતે આરોપીની પ્લી લીધેલ, જેમાં તેમણે ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૨.૧) રેકર્ડ મુજબ આ કામે આરોપીની પ્લી વિસ્તાર પુર્વક નોંધવામાં આવેલ છે તથા ફરીયાદીને પુરાવો રજુ કરવા માટે અને આરોપીને તેમનો બચાવ પ્રસ્તુત કરવા માટે વિસ્તાર પુર્વક તક આપવામાં આવેલ છે, તેમજ પુરાવો પણ વિસ્તાર પુર્વક નોંધવામાં આવેલ છે, એ રીતે આ કેસની ઈન્સાફી કાર્યવાહી 'સમંસ ટ્રાયલ' પઘ્ધતી મુજબ ચાલેલ છે. ગુન્હાનુ કોગ્નીઝન્સ લઈ આરોપી સામે પ્રોસ ેસ ઈશ્યુ કરતા આંક- ૧ લગતના પ્રથમ હુકમમાં પણ ટ્રાયલ '**સમંસ ટ્રાયલ**' પઘ્ધીતી મુજબ ચલાવવાનો હુકમ છે.

(૨.૨) ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ- ૧૪૩(એ) મુજબ વચગાળાના વળતરની રકમ સબંધેની ફરીયાદીની અરજી મંજુર કરવામાં આવેલ છે અને ચેકની ૨૦ ટકા રકમ દિન- ૩૦ માં જમાં કરાવવા આરોપીને આદેશ કરવામાં આવેલ છે, પરંતુ રેકર્ડ જોતા આરોપીએ તે મુજબની કોઈ રકમ જમાં કરાવેલ હોવાનુ જણાતુ નથી.

(૩.૦) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

મૌખિક પુરાવો :-

ક્રમ	આંક	સાહેદનુ નામ
૧	૧૫	ફરીયાદીની સોગંદઉપર સરતપાસ તથા ઉલટતપાસ.

દસ્તાવેજી પુરાવો :-

ક્રમ	આંક	દસ્તાવેજની વિગત
૧	૧૭, ૧૯ અને ૨૧	અસલ ચેક
૨	૧૮, ૨૦ અને ૨૨	રીટર્નમેમા
૩	૨૩	ડિમાન્ડ નોટીસ
૪	૨૪	રજીસ્ટર એડી નોટીસનુ બંધ કવર પરત આવેલ તે
૫	૨૫	ફરીયાદીના આધાર કાર્ડની નકલ
૬	૫૦	બંધ કવર ઓપન કરતા તેમાંથી મળેલ ડિમાન્ડ નોટીસ

(૪.૦) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે તેઓનું ક્રિ.પ્રો.કોડ કલમ- ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદીના પુરાવાને નકારેલ છે અને ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે. ખુલાસો કરતા આરોપીએ જણાવેલ છે કે : તેઓનો ચેક ખોટી રીતે મેળવી લેવામાં આવેલ છે અને તેના આધારે આ ખોટો કેસ કરી તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આરોપીએ લેખીતમાં વિશેષ ખુલાસો રજુ કરેલ છે, જે વંચાણે લીધેલ છે.

(પ.૦) ફરીયાદી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળેલ છે.

(પ.૧) ફરીયાદી તરફે વિ. વકીલશ્રી કે. એમ. ત્રિવેદી તેમની મૌખીક દલીલમાં જણાવે છે કે ફરીયાદ હકીકત મુજબ હાથ ઉછીની લીધેલ રકમની ચુકવણી માટે આરોપીએ ચેક આપેલ છે, જે અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે. આ પછી સમય મર્યાદામાં નોટીસ આપેલ છે છતાં આરોપીએ લેણી રકમ વસુલ આપેલ નથી. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : કાયદા મુજબ જે નોટીસ આપવાની થાય તે આરોપીના કાયમી સરનામે મોકલેલ છે, જે લેફટના શેરા સાથે પરત ફરેલ છે. કાયમી સરનામે નોટીસ મોકલેલ હોય ત્યારે તે બજી ગયેલ જ ગણાય. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : ચેકના ધારક ચેકની બાકીની વિગતો લખી શકે છે, ચેકના ડ્રોઅરે ચેકની તમામ વિગતો ભરીને ચેક આપવો તેવી કાયદાની કોઈ જોગવાઈ નથી. બાકીની વિગતો કદાચ ફરીયાદી કે ફરીયાદીના સુચવ્યા મુજબ અન્ય વ્યકિત ધ્વારા ભરવામાં આવેલ હોય તો તેથી ચેક ઈનવેલીડ ગણાય નહી. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : ફરીયાદીની આવકના સ્ત્રોત સબંધે સવાલો કરવામાં આવેલ છે પરંતુ માત્ર ફરીયાદી એકલા નહી તેમના ઘરમાં તેમના પત્નિ પણ આવક ધરાવે છે અને બંન્નેની આવક માંથી જે બચત થતી હતી તેમાંથી રકમ આપવામાં આવેલ છે. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : કલમ– ૧૪૩(એ) મુજબ વચગાળાના તબકકે ૨૦ ટકા રકમ વળતર તરીકે આપવાનો હુકમ કરવામાં આવેલ છે તેનુ પણ આરોપીએ પાલન કરેલ નથી. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : આરોપીએ કેસના કામે કોઈ પુરાવો આપેલ નથી કે સાહેદો તપાસ્યા નથી. વધુમાં વિશેષ નિવેદનમાં હેમખેમ રીતે ચેક મેળવી લીધેલ હોવાનુ તેઓ કહે છે, હેમખેમ રીતે એટલે તો સરળ રીતે ચેક મેળવ્યો તેવો તેનો મતલબ થાય. ચેકનો દુરઉપયોગ કરવામાં આવેલ હોવાની તકરાર લીધેલ છે પરંતુ તેને સમર્થન મળે તેવી કોઈ

હકીકત આરોપી રેકર્ડ પર લઈ આવી શકયા નથી, ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યા તે સબંધે આરોપીનો કોઈ સ્પષ્ટ બચાવ નથી. વિ. વકીલશ્રીની વધુમાં રજુઆત છે કે : પેઢીના દસ્તાવેજો રજુ કરવા આવશ્યક હોવાનુ આરોપીનુ કહેવુ છે પરંતુ વ્યવહાર પેઢી સાથે સંકળાયેલ નથી, વ્યવહાર હાથ ઉછીની આપવામાં આવેલ રકમ અંગેનો છે. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : જેમ અપુરતા ભંડોળના કારણે ચેક પરત ફરે તો ગુન્હો બને તેમ સ્ટોપ પેમેન્ટના કારણે ચેક પરત ફરે તો તે પણ ગુન્હો ગણાય. ચેક આપ્યા પછી પેમેન્ટ સ્ટોપ કરાવતા પહેલા ફરીયાદીને તેની જાણ કરવી જોઈએ. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : આરોપી રકમ આપી દે તો ફરીયાદી આજે પણ સમાધાન કરવા તૈયાર છે, પરંતુ આરોપી લ ેણી રકમ આપતા નથી, વચગાળાના તબકકે આપવાની થતી વળતરની રકમ પણ આરોપીએ આપેલ નથી. આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરેલ હોવાની ભારપુર્વકની રજુઆત સાથે વિ. વકીલશ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા કરવા તથા વળતર અંગે આદેશ કરવા અરજ કરેલ છે. વિ. વકીલશ્રીએ તેમની રજુઆતના સમર્થનમાં નામદાર હાઈકોર્ટ તથા નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે ઉલ્લેખ છે તે ચુકાદાઓ રજુ કરેલ છે, જે માનસહ વંચાણે લીધેલ છે.

1. Bhaskaran Chandrasekharan v. V. Radhakrishnan, reported in- AICLR-1998-3-398
2. Goa Plast (P) Ltd. v. Chico Ursula D'souza, reported in- 2004 (2) SCC 235
3. Modi Cements Ltd. v. Kuchil Kumar Nandi, reported in- 1998 (2) GLH 577
4. Sadanandan Bhadran v. Madhavan Sunilkumar, reported in- 1998 (2) GLH 837

5. Anchor Capitals of India Ltd. v. State of Gujarat and Anr., reported in- 1998 (2) GLH 263
6. Priti Bhojnagarwala v. State of Gujarat and Anr., reported in- 2002 (1) GLH 693

(૫.૨) આરોપી તરફે વિ. વકીલશ્રીએ લેખીત દલીલ રજુ કરેલ છે, જે વંચાણે લીધેલ છે. આરોપી તરફે મુખ્યત્વે રજુઆત છે કે : ફરીયાદમાં ફરીયાદીએ મોભમ હકીકતો જણાવેલ છે, આરોપીને કઈ તારીખે, કયાં મહીનામાં, કયાં વર્ષમાં, કયાં સ્થળે, કયાં હેતુથી રકમ હાથ ઉછીની આપવામાં આવેલ તેની સ્પષ્ટ હકીકતો ફરીયાદીએ જાહેર કરેલ નથી. એ જ રીતે રકમ કઈ તારીખે કોની હાજરીમાં અને કયારે માંગેલ તેની પણ કોઈ હકીકત જાહેર કરેલ નથી. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : આશિષ જેવલર્સ પેઢીના નામના ચેકોનો ફરીયાદીએ ઉપયોગ કરેલ છે આમ છતાં પેઢીને આરોપી તરીકે દર્શાવેલ નથી. વિ. વકીલશ્રીની રજુઆત છે કે આરોપી જે તે સમયે સાવરકુંડલા રહેતા ન હતા અને રાજકોટ રહેતા હતા, આમ છતાં ચેક રીટર્ન થયા અંગે તેઓને રાજકોટ મુકામે કોઈ નોટીસ મોકલવામાં આવેલ નથી, આથી નોટીસ બજવણી યોગ્ય ગણી શકાય નહી. વિ. વકીલશ્રીની વધુમાં રજુઆત છે કે : ચેકનો ફરીયાદી ધ્વારા દુરઉપયોગ કરવામાં આવેલ છે અને તેને સમર્થન મળે તેવી હકીકતો ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ પર આવેલ છે જેમાં ફરીયાદીએ સ્પષ્ટ જણાવેલ છે કે તેઓએ આ ચેકની વિગતો બેંકમાં કામ કરતા તેમના મિત્ર પાસે ભરાવરાવેલ છે. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : આરોપી સામે કુલ પાંચ ફરીયાદો હાલના ફરીયાદીએ કરેલ છે અને તેની કુલ રકમ ૧૫ લાખ જેવી છે, આરોપીનો સ્પષ્ટ બચાવ છે કે તેઓએ કોઈ રકમ ફરીયાદી પાસેથી લીધેલ નથી, આમ છતાં ફરીયાદીએ આટલી મોટી રકમ તેમના પાસે હોવા અંગેના કોઈ પુરાવા રજુ કરેલ

નથી, એ જ રીતે કોઈ હિસાબ, પહોંચ કે લખાણ પણ રજુ કરેલ નથી. વિ. વકીલશ્રીની રજુઆત છે કે : કાયદેસરની જવાબદારીના બદલામાં આ ચેકો અપાયા હોવાનુ પુરવાર કરવામાં ફરીયાદી નિષ્ફળ રહેલા છે. આ પ્રકારની રજુઆત સાથે વિ. વકીલશ્રીએ આરોપીને તેમના સામેના આક્ષેપીત ગુન્હામાં નિર્દોષ ઠરાવવા અરજ કરેલ છે. વિ. વકીલશ્રીએ તેમની રજુઆતના સમર્થનમાં નીચે ઉલ્લ ેખ છે તે નામદાર હાઈકોર્ટ તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે, જેમાં ઠરાવેલ બાબતો માનસહ વંચાણે લીધેલ છે.

1. John K. John v. Tom Varghese,
   reported in- 2007 LawSuit (SC) 1139
2. Kashmira Singh v. State of Punjab,
   reported in- 1983 LawSuit (P&H) 212
3. G. Ashok Kumar Goud v. P. Anjali Bai and another,
   reported in- 2012 LawSuit (AP) 123
4. G. Pankajakshiamma v. Mathai Mathew,
   reported in- 2004 LawSuit (SC) 384
5. Sait Tarajee Khimchand v. Yelamarti Satyam,
   reported in- 1971 LawSuit (SC) 251
6. Saroj Kumar Poddar v. State of Delhi NCT,
   reported in- 2007 LawSuit (SC) 45
7. M. S. Narayana Menon @ Mani v. State of Kerala,
   reported in- 2006 LawSuit (SC) 504

(૬.૦) કેસની ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

:: મુદાઓ ::

૧. શું ફરીયાદી વ્યાજબિ શંકાથી પર સાબીત કરે છે કે, મિત્રતાના સબંધના આધારે હાથ ઉછીના લીધેલ રુપીયા ૩,૦૦,૦૦૦/–ની કાયદેસરની જવાબદારીના સંદર્ભમાં આરોપીએ એસ. બી. આઈ. દરબારગઢ સાવરકુંડલા શાખાના **તા. ૧૫/૦૪/૨૦૧૯ ના રોજના રકમ રુપીયા ૧,૦૦,૦૦૦/– ના ત્રણ ૧) ચેક નં. ૭૯૬૯૫૫, ૨) ચેક નં. ૭૯૬૯૯૭ અને ૩) ચેક નં. ૭૯૬૯૮૬** આપેલા, જે બેંકમાં રજુ કરતા '**અપુરતા ભંડોળ**' ના શેરા સાથે પરત આવેલ, આ પછી સમય મર્યાદામાં ધોરણસરની ડીમાન્ડ નોટીસ રજી. એડી. પોસ્ટથી આરોપીને મોકલવા છતાં આરોપીએ સમય મર્યાદામાં લેણી રકમ વસુલ નહી આપી **ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮** મુજબનો ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬.૧) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૭.૦) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

:: કા ર ણો ::

મુદા નં. ૧ :–

(૭.૧) ક્રિમીનલ જયુરીસ્પૃડન્સના સિધ્ધાંત મુજબ આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ પર છે, ફરીયાદપક્ષ જયાં સુધી આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો વ્યાજબી શંકાઓથી પર પુરવાર ન કરે ત્યાં સુધી એવુ અનુમાન કરવાનુ રહે છે કે આરોપી નિર્દોષ છે. આ કામે ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, આ પ્રકારનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે પણ સાબીતીનો પ્રાથમીક બોજો ફરીયાદી પર જ છે, પરંતુ કાયદાની કલમ– ૧૩૯ માં કેટલીક બાબતો સબંધે અનુમાન કરવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે, જે અમુક અંશે ફરીયાદી ઉપર રહેલ સાબીતીના બોજને ઘટાડે છે. તેથી ઉપલબ્ધ પુરાવાને મુલ્યાંકનમાં લ ેતા પહેલા કલમ– ૧૩૯ ની જોગવાઈ તથા તે અન્વયે થનાર અનુમાન કયાં સુધી

વિસ્તરે છે તે સમજવા માટે જરુરી એવા નામદાર ઉચ્ચ અદાલત અને નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ પ્રથમ ધ્યાને લેવા જરુરી છે. કલમ– ૧૩૯ ની જોગવાઈ નીચે મુજબ છે :–

139. Presumption in favor of holder :

*It **shall be presumed,** unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.*

(૭.૨) **કલમ– ૧૩૯** નુ અનુમાન કયાં સુધી વિસ્તરે છે તે સબંધે નામદાર સર્વોચ્ચ અદાલતે '**Rangappa v. Sri Mohan (2010 (11) SCC 441)**' ના ચુકાદામાં ઠરાવેલ છે કે કાયદેસર વસુલ થઈ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સબંધે પણ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરવાનુ રહે છે. આ સબંધે નામદાર કોર્ટે ચુકાદામાં નીચે મુજબ નોંધેલ છે.

The presumption mandated by section 139 includes a presumption that **there exists a legally enforceable debt or liability.** This is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defense wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favors the respondent complainant

(૭.૩) નામદાર સર્વોચ્ચ અદાલત '**Bir Singh v. Mukesh Kumar, Reported in- 2019 (4) SCC 197**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ તબકકે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે કાયદાની જોગવાઈ તથા અનેક ચુકાદાઓ ધ્યાને લીધા બાદ ઠરાવેલ છે કે ચેકમાં રહેલ સહી

આરોપીની હોવાનુ તથા તે રીટર્ન થયાનુ પુરવાર કરવામાં આવે તે પછી કલમ– ૧૩૯ મુજબ ચેક 'દેવુ અગર જવાબદારી અદા કરવાના બદલામાં ઈશ્યુ કરવામાં આવેલ હતો' તેવુ ધારકની ફેવરમાં અનુમાન કરવાનુ રહે છે અને સાબીતીનો ભાર આરોપી પર ખસે છે. આ સબંધે પેરા– ૩૭ માં નામદાર કોર્ટે નીચે મુજબ નોંધેલ છે.

> A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Section 20, 87 and 139, makes it amply clear that **a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption** that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that **the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.**

(૭.૪) '**M. S. Narayana Menon Alias Mani v. State of Kerala and Anr. (2006(6) SCC 39)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આરોપી તરફે વિ.વકીલશ્રીએ આધાર રાખેલ છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે કલમ– ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવા માટે આરોપીએ જાતે પુરાવો આપવો આવશ્યક નથી, ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આરોપી આધાર રાખી શકે છે. નામદાર કોર્ટે આ સબંધે નીચે મુજબ નોંધેલ છે.

> Applying the said definitions of 'proved' or 'disproved' to principle behind Section 118 (a) of the Act, the Court shall presume a negotiable instrument to be for consideration unless and until after considering the matter before it, it either believes that the

consideration does not exist or considers the non-existence of the consideration so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that the consideration does not exist. For rebutting such presumption, what is needed is to raise a probable defence. Even for the said purpose, the evidence adduced on behalf of the complainant could be relied upon. This Court, therefore, clearly opined that it is not necessary for the defendant to disprove the existence of consideration by way of direct evidence. The standard of proof evidently is pre-ponderance of probabilities. Inference of pre-ponderance of probabilities can be drawn not only from the materials on records but also by reference to the circumstances upon which he relies.

(૭.૫) એ હકીકત છે કે આરોપીએ માત્ર સંભવીતતાની શકયતા (**pre-ponderance of probabilities**) દર્શાવવાની રહે છે તેમજ તેના માટે આરોપી ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આધાર રાખી શકે છે, પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે અનેક ચુકાદાઓ થકી એ બાબત પણ સ્પષ્ટ કરેલ છે કે આરોપીએ પ્રોબેબલ ડીફેન્સ મુકવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલત '**Rohitbhai Jivanlal Patel v. State of Gujarat (AIR 2019 SC 1876)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ સબંધે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં ફરીયાદીની આવકના સ્ત્રોત સબંધેનો કોઈ પુરાવો ઉપલબ્ધ ન હોવાના કારણે તથા ચેકની જે એમાઉન્ટ હતી તે આરોપીને આપવામાં આવેલ રકમ કરતા ઓછી હતી અને બાકીની રકમ અંગે કોઈ ખુલાસો રેકર્ડ પર ઉપલબ્ધ ન હતો તથા ફરીયાદીએ આરોપીને આપેલ રકમ અંગે કોઈ કાચી નોટ કે પ્રોમીસરી નોટ વિગેરે મેળવેલ ન હતી વિગેરે મુદાઓ આધારે ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ

ઠરાવતો હુકમ કરેલ હતો તે સંદર્ભે નામદાર કોર્ટે ઠરાવેલ છે કે આ કાયદા હેઠળની કાર્યવાહીમાં કલમ– ૧૩૯ નુ પ્રિઝમ્પ્શન છે તેથી આ બાબતો ફરીયાદીના પુરાવાનુ ખંડન કરવા માટે પર્યાપ્ત નથી. નામદાર કોર્ટના ચુકાદાના પેરા– ૧૯ આ સબંધે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

> The observations of the Trial Court that there was no documentary evidence to show the source of funds with the respondent to advance the loan, or that the respondent did not record the transaction in the form of receipt of even kachcha notes, or that there were inconsistencies in the statement of the complainant and his witness, or that the witness of the complaint was more in know of facts etc. would have been relevant if the matter was to be examined with reference to the onus on the complaint to prove his case beyond reasonable doubt. These considerations and observations do not stand in conformity with the presumption existing in favour of the complainant by virtue of Section 118 and 139 of the NI Act. Needless to reiterate that the result of such presumption is that existence of a legally enforceable debt is to be presumed in favour of the complainant. When such a presumption is drawn, the factors relating to the want of documentary evidence in the form of receipts or accounts or want of evidence as regards source of funds were not of relevant consideration while examining if the accused has been able to rebut the presumption or not. The other observations as regards any variance in the statement of complainant and witness; or want of knowledge about dates and other particulars of the cheques; or washing away of the earlier cheques in the rains though the office of the complainant being on the 8^{th} floor had also been of irrelevant factors for consideration of

a probable defence of the appellant. Similarly, the factor that the complainant alleged the loan amount to be Rs. 22,50,000/- and seven cheques being of Rs. 3,00,000/- each leading to a deficit of Rs. 1,50,000/-, is not even worth consideration for the purpose of the determination of real questions involved in the matter. May be, if the total amount of cheques exceeded the alleged amount of loan, a slender doubt might have arisen, but, in the present matter, the total amount of 7 cheques is lesser than the amount of loan. Significantly, the specific amount of loan (to the tune of Rs. 22,50,000/-) was distinctly stated by the accused-appellant in the aforesaid acknowledgment dated 21.03.2017.

(૭.૬) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત '**Saroj Kumar Poddar v. State (Govt of Nct of Delhi) (2007 (3) SCC 693)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પણ ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે કલમ– ૧૩૮ ના તત્વો એટલે કે કલમ– ૧૩૮ નો ગુન્હો પુરવાર કરવા માટે કઈ કઈ બાબતો આવશ્યક છે તેની નોંધ કરેલ છે. સમગ્રપણે આ તમામ ઓથોરીટીમાં નામદાર કોર્ટે ઠરાવેલ બાબતો અને કાયદાની જોગવાઈ ધ્યાને લેતા એ સ્પષ્ટ છે કે ચેકમાં રહેલ સહી આરોપીની હોવાનુ પુરવાર થયે તથા ચેક રીટર્ન થયાની પ્રોસેસ અને ત્યારબાદ આરોપીને નોટીસ પાઠવવામાં આવેલ હોવાનુ પુરવાર થયે તથા ચેક અન્ય તમામ રીતે વેલીડ હોવાનુ રેકર્ડ પર આવ્યે કલમ– ૧૩૯ નુ અનુમાન કરવાનુ રહે છે, જે અનુમાન કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સુધી વિસ્તરે છે અને તેના લીધે સાબીતીની જવાબદારી આરોપી પર ખસે છે. એ હકીકત છે કે આરોપી કલમ–૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવા માટે આરોપીએ જાતે પુરાવો આપવો જરુરી નથી, તેઓ ફરીયાદી ધ્વારા રજુ

કરવામાં આવેલ પુરાવા પર આધાર રાખી શકે છે, પરંતુ તેના માટે પ્રોબેબલ ડીફેન્સ રજુ થવો જરુરી છે.

(૭.૭) પેઢીના નામનો ચેક હોય ત્યારે પેઢીને આરોપી તરીકે જોડવી જરુરી છે કે કેમ ? તે સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ '**Satish Jayantilal Shah v. Pankaj Mashruwala (Criminal Revision Application Nos. 190 & 191 of 1995, Decided on Date 11-03-96)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લ ેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૧ માં 'વ્યકિત' ની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે તે ધ્યાને લેતા ઠરાવેલ છે કે તેમા પ્ર ોપરાઈટરીનો સમાવેશ થતો નથી તેથી પ્રોપરાઈટરીને પક્ષકાર તરીકે જોડેલ ન હોય તો ફરીયાદ અયોગ્ય છે તેવુ કહી શકાય નહી. આ સબંધે પેરા– ૭ અને ૮ માં નામદાર કોર્ટે નીચે મુજબ નોંધેલ છે.

> **7.** It is true that in these matters, the original complainant is doing business in the name of proprietary concern, Asim Agencies, and the accused is also doing business in the name of proprietary concern, Padmavati Sales Corporation. It is true that names of proprietary concerns have not been impleaded in the original complaint. But, in my view, this omission does not invalidate maintainability and is not de hors the law. On this point, a reference be made of definition of "person" defined under Section 11 of Indian Penal Code, which says that the word "person" includes any Company or Association or body of persons, whether incorporated or not. The word 'person' has also been defined in General Clauses Act under Section 3(42), which is similar to that of Section 11 of Indian Penal Code. According to this definition, any company or association or body of persons is recognised as

legal entity' or juridic person. This definition does not include proprietor. Hence a proprietary concern is not a legal entity or juridic person. A proprietary concern is synonym of proprietor. In fact, the proprietor is the person who does business but for trading convenience business is done in the name of proprietary concern. Thus the proprietary concern is not an independent, legal and juridic entity having legal recognition in the eye of law. Therefore, neither can initiate any proceedings nor proceedings be initiated against it. In case proprietary concern the proprietor is always an affected person who can either indict or be indicted. Keeping in mind this legal position, the present proceedings have been rightly initiated by proprietor against accused proprietor. Since proprietary concern has no legal entity, question of its being indicted first and then the proprietor does not arise. Interestingly, Mr. Gupta who advances this contention, by his own conduct has negatived, as the present applications have been filed by proprietor against proprietor without imp leading trading concerns. If this contention is accepted that alone is sufficient to dismiss both the revision applications.

8. Secondly a juridic person always functions through human administrator, may be director, manager or partner and the offence committed by such legal entity provides for imprisonment. Then such administrator only has to be convicted to serve out sentence as legal entity cannot be convicted to undergo imprisonment. Of course where only fine is provided. juridic person can be indicted. Taking this view also the contention has no force.

(૭.૮) ફરીયાદ હકીકતને સમર્થન આપવા માટે ફરીયાદીએ સોગંદપર પુરાવો આપેલ છે, જેમાં ફરીયાદીએ એવુ કથન કરેલ છે કે : આરોપી સાથે મિત્રતા

બંધાતા આરોપીને નાણાની જરુરીયાત ઉભી થતા આરોપીએ તેઓએ વાત કરેલ અને તેઓએ આરોપીને રુપીયા ૩,૦૦,૦૦૦/– અંકે રુપીયા ત્રણ લાખ પુરા રોકડા રમેશભાઈ જેઠાભાઈની હાજરીમાં અને તેમની જવાબદારીએ હાથ ઉછીના આપેલા. ફરીયાદી વધુમાં પુરાવો આપે છે કે : આ રકમ હાથ ઉછીના આપેલ નાણાની અવારનવાર ઉઘરાણી કરતા આરોપીએ એસ. બી. આઈ. દરબારગઢ સાવરકુંડલા શાખાના તા. ૧૫/૦૪/૨૦૧૯ ના રોજના રકમ રુપીયા ૧ ,૦૦,૦૦૦/– ના ત્રણ ચેકો ૧) ચેક નં. ૭૯૬૯૫૫, ૨) ચેક નં. ૭૯૬૯૯૭ અને ૩) ચેક નં. ૭૯૬૯૮૬ આપેલા. ફરીયાદી વધુમાં પુરાવો આપે છે કે : આ ચેક એસ. બી. આઈ. સાવરકુંડલા શાખામાં રજુ કરતા તે ચેક '**અપુરતા ભંડોળ**' ના શેરા સાથે પરત આવેલ, આ પછી ધોરણસરની ડિમાન્ડ નોટીસ રજીસ્ટર એડી પોસ્ટના માઘ્યમથી આરોપીને મોકલેલ, જે '**લેફ્ટ**' ના શેરા સાથે પરત ફરેલ, આમ છતાં આરોપીએ લેણી રકમ વસુલ આપેલ નથી. ફરીયાદીએ અસલ ચેક, રીટર્નમેમો, ડિમાન્ડ નોટીસ અને ડિમાન્ડ નોટીસ રજીસ્ટર એડી કરેલ તેનુ પરત આવેલ બંધ કવર રજુ કરેલ છે. આ પૈકી ચેક અને રીટર્નમેમા થકીએ બાબત રેકર્ડ પર આવે છે કે આરોપીની સહી વાળો ચેક નિયત સમય મર્યાદામાં બેંકમાં રજુ કરવામાં આવતા તે **અપુરતા ભંડોળ**ના રીટર્નમેમાના શેરા સાથે પરત ફરેલ છે. આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં '**સહી કરેલો ચેક મેળવી લઈ ફરીયાદીએ તેનો દુરઉપયોગ કરેલ છે**' તેવો બચાવ લીધેલ છે, આથી સ્પષ્ટ છે કે ચેકમાં રહેલ સહી સબંધે તથા ચેક રીટર્ન થયાની પ્રોસીઝર સબંધે આરોપી તરફે ખાસ કોઈ તકરાર નથી. તકરાર મુખ્યત્વે ચેક કાયદેસર રીતે વસુલ કરી શકાય તેવા દેવા અગર જવાબદારીના સંદર્ભમાં આપવામાં આવેલ હોવા અંગેના ફરીયાદીના કથન સબંધે તથા ડિમાન્ડ નોટીસની બજવણી સબંધે છે.

(૭.૯) ડિમાન્ડ નોટીસના સંદર્ભમાં પ્રથમ નોંધવામાં આવે તો તેમાં જણાવેલ સરનામુ આરોપીનુ કાયમી રહેણાંકનુ સરનામુ નથી અને આરોપીનુ કાયમી સરનામુ અન્ય જગ્યા પરનુ છે તેવુ સુચવતી કોઈ બાબતો આરોપી રેકર્ડ પર લઈ આવ્યા નથી. પોતે ઘણા સમયથી રાજકોટ મુકામે રહેવા જતા રહેલા હોવાની આરોપીની રજુઆત છે, પરંતુ તે ચોકકસ કયારથી તેઓ રાજકોટ જતા રહેલા છે તે સબંધેની કોઈ સ્પષ્ટ હકીકતો તેઓએ પુરાવાના સ્ટેજે રેકર્ડ પર મુકેલ નથી. સને ૨૦૧૯ ના આ કેસના કામે સને ૨૦૨૧ ના જુલાઈ મહીનામાં થયેલ ફરીયાદીની ઉલટતપાસમાં આરોપીએ એવો સુચક સવાલ કરેલ છે કે તેઓ દોઢેક વર્ષ થી સાવરકુંડલા છોડી રાજકોટ જતા રહેલ છે, જે બાબત ચેક રીટર્ન થયા બાદ આરોપી અન્ય સ્થળે રહેવા ગયેલા હોવાનુ સુચવે છે. આ બાબત જોતા નોટીસમાં જણાવેલ સરનામુ આરોપીનુ કાયમી સરનામુ હોવાનુ નકારી શકાય તેમ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ '**Satish Jayantilal Shah v. Pankaj Mashruwala (1996 Cri. L. J. 3099)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે નોટીસ વ્યવસાયીક ક્રમ પ્રમાણે રજીસ્ટર એડી પોસ્ટ દ્વારા યોગ્ય સરનામે મોકલવામાં આવેલ હોવાનુ દર્શાવે તેવી બાબતો પુરાવા અધિનિયમની કલમ– ૧૬ મુજબ પ્રસ્તુત છે અને તેના આધાર પર નોટીસ મળેલી હોવાનુ માની શકાય. '**Sandeep Walia v. Sanjeev Dulta (2016 0 Supreme (HP) 553)**' ની ઓથોરીટીમાં ઠરાવેલ બાબતો પણ આ તબકકે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નોટીસ બજવણી થયેલ નથી તે સંદર્ભેની ઉઠાવવામાં આવેલ તકરાર અન્વયે નામદાર કોર્ટે ઠરાવેલ છે કે નોટીસ પોસ્ટ દ્વારા મોકલવામાં આવેલ હોય ત્યારબાદ જનરલ કલોઝીસ એકટ કલમ– ૨૭ ની જોગવાઈ લાગુ પડે છે, આ સંજોગોમાં નોટીસની ખરેખર બજવણી થયેલી નથી

અગર તે વગર બજે આવેલ છે, કે જેના માટે તેઓ પોતે જવાબદાર નથી, તે બાબત રેકર્ડ પર લઈ આવવાની જવાબદારી ડ્રોઅરની છે.

(૭.૧૦) ઉપરોકત બાબતો જોતા સ્પષ્ટ છે કે ડિમાન્ડ નોટીસ યોગ્ય સરનામે મોકલવામાં આવેલ છે, આથી ડિમાન્ડ નોટીસની બજવણી સબંધેની આરોપી તરફેની તકરાર ગ્રાહય રાખી શકાય તેમ નથી. પરંતુ કલમ–૧૩૯ ના અનુમાનનુ ખંડન થતી કેટલીક બાબતો આરોપી રેકર્ડ પર લઈ આવેલ છે. આ સબંધે નોંધવામાં આવે તો, ફરીયાદી અને આરોપી વચ્ચે આ પ્રકારના કુલ પાંચ કેસો અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે. આ પાંચેય કેસની ટ્રાયલ મહદઅંશે સાથે ચાલેલ છે, એકજ દિવસે તેમાં દલીલ સાંભળવામાં આવેલ છે અને હાલ આ પાંચેય કેસો જજમેન્ટ માટે અમો સમક્ષ પેન્ડીંગ છે. પાંચ કેસ પેન્ડીંગ હોવાની આ બાબત ફરીયાદીએ તેમની ઉલટતપાસ દરમ્યાન પણ સ્વિકારેલ છે અને જણાવેલ છે કે **'એ વાત ખરી છે કે મે આરોપી સામે કુલ પાંચ કેસ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે હું જે કેસમાં જુબાની આપુ છુ તે પહેલા આરોપી વિરુધ્ધ બીજા ચાર કેસ દાખલ કરેલ છે.'** ફરીયાદીએ વધુમાં સ્વિકારેલ છે કે **'એ વાત ખરી છે કે આ બધા કેસો આરોપીએ મારી પાસેથી હાથ ઉછીની રકમ લીધેલ છે તે બાબતના છે. એ વાત ખરી છે કે તે બધા કેસોમાં આરોપીએ મારી પાસે કયારે પૈસા માંગેલા અને મે તેમને કયારે પૈસા આપેલા તે વિગત લખેલ નથી. મે પાંચેય કેસોમાં કુલ રુપીયા ૧૫ લાખ આરોપી પાસેથી માંગુ છુ તેવા કેસો કરેલ છે. એ વાત ખરી છે કે આ તમામ કેસોમાં મે આરોપીને ચેકથી પૈસા આપેલ હોય તેવો એકેય કેસ નથી.'** કુલ પાંચ કેસો પેન્ડીંગ હોવાની બાબત જયારે ફરીયાદીએ સ્વિકારેલ છે તથા તે કેસો આજરોજ અમો સમક્ષ છે ત્યારે તેની વિગતો અંગે થોડી વિસ્તાર પુર્વકની ચર્ચા જરુરી બને છે, પરંતુ

તે પહેલા કોષ્ટકના સ્વરુપમાં કેસની વિગતોની પ્રથમ નોંધ કરીએ, જે નીચે મુજબ છે.

ક્રિમીનલ કેશ નં. ૧૮૨/૨૦૧૯			
કેસ દાખલ કર્યાની તારીખ	**ચેક નંબર**	**ચેકની તારીખ**	**રકમ રુપીયા**
તા. ૦૫/૦૩/૨૦૧૯	ચેક નં. ૭૯૬૯૮૫	તા. ૨૯/૦૧/૨૦૧૯	૧,૦૦,૦૦૦/–
	કુલ રુપીયા ૧,૦૦,૦૦૦/–		
ક્રિમીનલ કેશ નં. ૩૧૨/૨૦૧૯			
કેસ દાખલ કર્યાની તારીખ	**ચેક નંબર**	**ચેકની તારીખ**	**રકમ રુપીયા**
તા. ૧૩/૦૫/૨૦૧૯	ચેક નં. ૧) ૭૯૬૯૫૫	તા. ૧૫/૦૪/૨૦૧૯	૧,૦૦,૦૦૦/–
	ચેક નં. ૨) ૭૯૬૯૯૭	॥	૧,૦૦,૦૦૦/–
	ચેક નં. ૩) ૭૯૬૯૮૬	॥	૧,૦૦,૦૦૦/–
	કુલ રુપીયા ૩,૦૦,૦૦૦/–		
ક્રિમીનલ કેશ નં. ૭૮૪/૨૦૧૯			
કેસ દાખલ કર્યાની તારીખ	**ચેક નંબર**	**ચેકની તારીખ**	**રકમ રુપીયા**
તા. ૨૫/૦૭/૨૦૧૯	ચેક નં. ૧) ૦૦૦૦૦૫	તા. ૧૯/૦૬/૨૦૧૯	૫૦,૦૦૦/–
	ચેક નં. ૨) ૦૦૦૦૦૬	॥	૧,૦૦,૦૦૦/–
	ચેક નં. ૩) ૦૦૦૦૩૯	॥	૧,૦૦,૦૦૦/–
	કુલ રુપીયા ૨,૫૦,૦૦૦/–		
ક્રિમીનલ કેશ નં. ૭૮૫/૨૦૧૯			
કેસ દાખલ કર્યાની તારીખ	**ચેક નંબર**	**ચેકની તારીખ**	**રકમ રુપીયા**
તા. ૨૫/૦૭/૨૦૧૯	ચેક નં. ૧) ૭૯૬૯૫૭	તા. ૧૯/૦૬/૨૦૧૯	૧,૦૦,૦૦૦/–
	ચેક નં. ૨) ૭૯૬૯૬૫	॥	૫૦,૦૦૦/–
	ચેક નં. ૩) ૭૯૬૯૬૬	॥	૧,૦૦,૦૦૦/–
	ચેક નં. ૪) ૭૯૬૯૭૬	॥	૫૦,૦૦૦/–
	ચેક નં. ૫) ૭૯૬૯૭૮	॥	૫૦,૦૦૦/–
	ચેક નં. ૬) ૭૯૬૯૮૧	॥	૫૦,૦૦૦/–
	ચેક નં. ૭) ૭૯૬૯૮૪	॥	૧,૦૦,૦૦૦/–
	ચેક નં. ૮) ૭૯૬૯૮૭	॥	૧,૦૦,૦૦૦/–
	ચેક નં. ૯) ૭૯૬૯૮૮	॥	૧,૦૦,૦૦૦/–
	કુલ રુપીયા ૭,૦૦,૦૦૦/–		
ક્રિમીનલ કેશ નં. ૭૮૬/૨૦૧૯			
કેસ દાખલ કર્યાની તારીખ	**ચેક નંબર**	**ચેકની તારીખ**	**રકમ રુપીયા**

તા. ૨૫/૦૭/૨૦૧૯	ચેક નં. ૧) ૬૬૫૪૨૭	તા. ૧૮/૦૬/૨૦૧૯	૧,૦૦,૦૦૦/-
	ચેક નં. ૨) ૬૬૫૪૫૪	॥	૫૦,૦૦૦/
			કુલ રુપીયા ૧,૫૦,૦૦૦/-

(૭.૧૧) ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ- ૧૧૮(બી) અને (સી) મુજબ દરેક નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ જો તેના પર તારીખ હોય તો તે તારીખના રોજ તૈયાર કરવામાં આવેલ હોવાનુ અને તે તેની તારીખના પછીના વ્યાજબી સમયમાં મેળવવામાં આવેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. આ કામે ફરીયાદીએ તેમની ફરીયાદ તથા સરતપાસના સોગંદનામામાં આક્ષેપીત રકમ આરોપીને કયારે હાથ ઉછીની આપેલ તે અંગે કોઈ સ્પષ્ટ હકીકતો જણાવેલ નથી તેની સાથે સાથે ચેક ચોકકસ કઈ તારીખે મેળવેલ તે અંગે પણ કોઈ બાબત જાહેર કરેલ નથી. આ સંજોગોમાં ચેકમાં લખેલ તારીખના રોજ તે તૈયાર કરેલ હોવાની અને તે તારીખ પછી વ્યાજબી સમયમાં તે મેળવવામાં આવેલ હોવાની ધારણા કરવાની રહે છે. હવે કોષ્ટકની હકીકતો આધારે ચર્ચા આગળ વધારવામાં આવેતો, ક્રિમીનલ કેશ નં. ૧૮૨/૨૦૧૯ ના કામે જે ચેક સબંધે તકરાર છે તે તા. ૨૯/૦૧ /૨૦૧૯ ના રોજનો છે અને તે જ દિવસે રીટર્ન થયેલ છે, કલમ- ૧૧૮ નુ અનુમાન જોતા આ ચેક ફરીયાદીએ તા. ૨૯/૦૧/૨૦૧૯ ના રોજ મેળવેલ હોવો જોઈએ, જે તે જ દિવસે તેઓએ બેંકમાં રજુ કરતા રીટર્ન થયેલ છે અને ત્યારબાદ તા. ૦૫/૦૩/૨૦૧૯ ના રોજ તે સબંધે આરોપી સામે તેઓએ ફરીયાદ કરેલ છે. સામાન્ય રીતે સમજી શકાય તેવી બાબત છે કે વ્યવહારના ભાગ રુપે એક વ્યકિતએ ચેક આપેલ હોય અને તે રીટર્ન થયેલ હોય તથા તે સબંધે કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ હોય તે સંજોગોમાં જે તે પક્ષકાર ચેક આપનાર સાથે નવો કોઈ વ્યવહાર કરે નહી. પરંતુ આ કામે પાંચેય કેસની હકીકતો કે જેને કોષ્ટકના રુપમાં

મુકેલ છે તેના દ્વારા એવુ ચિત્ર ઉભુ થાય છે કે એક કેસના કામે રજુ થયેલ ચેક રીટર્ન થયેલ અને તે સબંધે કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે આમ છતાં નવા ચેકો સ્વિકારવામાં આવેલ છે. ફરીયાદીએ તેમના કેસોમાં જે હકીકત પ્રસ્તુત કરેલ છે તેના થકી એવુ ચિત્ર ઉભુ થયેલ છે કે ક્રિમીનલ કેશ નં. ૧૮૨/૨૦૧૯ ની ફરીયાદ કર્યા બાદ તેઓએ નવા ચેકો તા. ૧૫/૦૪/૨૦૧૯ ના રોજ સ્વિકારેલ છે તથા તે નવા સ્વિકારેલા ચેકો રીટર્ન થયા બાદ તે સબંધે નવી ફરીયાદ ક્રિમીનલ કેશ નં. ૩૧૨/૨૦૧૯ થી કર્યા બાદ પાછા નવા બીજા ચેકો તા. ૧૯/૦૬/૨૦૧૯ ના રોજ સ્વિકારેલ છે અને તે ચેકો સબંધે પાછી નવી ફરીયાદ પ્રસ્તુત કરેલ છે. સહજ રીતે સમજમાં આવે તેવી આ બાબત નથી.

(૭.૧૨) ફરી આ તબકકે ફરીયાદીની ઉલટતપાસ તરફ ધ્યાન કરવામાં આવે તો તેમાં તેઓએ સ્વિકારેલ છે કે '**એ વાત ખરી છે કે ફરીયાદમાં મારી પાસે આરોપી કઈ તારીખે પૈસા લેવા આવેલ તે તારીખ લખેલ નથી. એ વાત ખરી છે કે પૈસા કેવી રીતે આપેલ તે ફરીયાદમાં લખેલ નથી. એ વાત ખરી છે કે મે આરોપી સામે કરેલ હાલની ફરીયાદમાં આરોપીને મે કયાં મહીનામાં, કયાં વર્ષમાં કહેવાતી હાથ ઉછીની રકમ આપેલ તે હકીકત આરોપીને આપેલ નોટીસ, ફરીયાદ તેમજ સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી.**' સ્પષ્ટ છે કે હાથ ઉછીના નાણા આપેલા હોવાનુ માત્ર કથન કરવામાં આવેલ છે, આ નાણા ચોકકસ કયારે આપેલા તે સબંધે ફરીયાદી તદન મૌન છે. વ્યવહાર કયાં વર્ષમાં થયેલો તે પણ ફરીયાદીએ જાહેર કરેલ નથી. કોષ્ટકની વિગતો મુજબ ફરીયાદીએ જે જે ચેકો સબંધે ફરીયાદો કરેલ છે તે તમામ ચેકો સને ૨૦૧૯ ની સાલના છે, જે પૈકી પ્રથમ ચેક તા. ૨૯/૦૧/૨૦૧૯ ના રોજનો છે, જે સબંધે ક્રિ મીનલ કેશ નં. ૧૮૨/૨૦૧૯ ની ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. તમામ ચેકની

મળી કુલ રકમ રુપીયા ૧૫ લાખ થાય છે, જે બાબત ફરીયાદીએ તેમની ઉલટતપાસ દરમ્યાન પણ સ્વિકારેલ છે. રુપીયા ૧૫ લાખની આ રકમ સને ૨૦૧૮ ની સાલમાં હાથ ઉછીની આપેલ હશે તેવુ જો માનવામાં આવે તો તેવા સંજોગોમાં અલગ અલગ પ્રકારના આટલા બધા ચેક મેળવવાની શુ આવશ્યકતા હતી તે પ્રશ્ન ઉભો થાય છે. જો હાથ ઉછીના નાણા આપ્યાનો વ્યવહાર સને ૨૦૧૯ ની સાલનો ગણવામાં આવે તો પાંચેય કેસોની વિગત કે જેને કોષ્ટકના સ્વરુપમાં પ્રસ્તુત કરેલ છે તે જોતા ચિત્ર એવુ ઉપસ્થિત થાય છે કે એક ચેક રીટર્ન થયેલ છે અને તે સબંધે ફરીયાદ કરવાની થયેલ છે, છતાં ફરીયાદીએ બીજી રકમો આરોપીને હાથ ઉછીની આપેલ છે. સહજ રીતે સમજમાં આવે તેવી આ બાબતો નથી. કોઈ સમજદાર વ્યકિત આ પ્રકારનો વ્યવહાર ન કરે. સમગ્ર પણે આ બાબતો ફરીયાદી કાંઈક છુપાવી રહયા હોવા તરફ ઈસારો કરે છે.

(૭.૧૩) એ હકીકત છે કે ચેકો ફરીયાદી પાસે કેવી રીતે આવેલ છે તે સબંધે આરોપી સંતોષ કારક સ્પષ્ટતા રેકર્ડ પર મુકી શકયા નથી, આ સંજોગોમાં બંન્ને વચ્ચે ચોકકસ કોઈ વ્યવહાર તો થયેલ જ છે, પરંતુ તે વ્યવહાર હાથ ઉછીના નાણા આપ્યા અંગેનો હોવા અંગેના ફરીયાદીના કથન પર શંકા ઉભી કરે તેવી બાબતો રેકર્ડ પર આવેલ છે. આજ દિશામાં વધુમાં ચર્ચા કરવામાં આવે તો સામાન્ય રીતે કોઈ વ્યકિત હાથ ઉછીની ચોકકસ રકમના સબંધમાં જો કોઈ ચેક આપે તો તેની તમામ વિગતો ભરીને તે આપે, જયારે આ કામે રેકર્ડ પર આવેલ બાબતો સુચવે છે કે ચેકમાં બાકીની તમામ વિગતો બેંકના કર્મચારીએ ભરેલી છે. આ સબંધે નોંધવામાં આવે તો ફરીયાદીએ તેમની ઉલટતપાસ દરમ્યાન સ્વિકારેલ છે કે '**મે બેંકમાં ચેક ભરવાની કાર્યવાહીમાં શુ કરેલ તે પ્રશ્નના જવાબમાં જણાવુ છુ કે બેંકમાં મારા મિત્રએ ચેક ભરી આપેલ. આ મિત્રનુ નામ**

ત્રિવેદીભાઈ છે, તેઓ બેંકમાં છે. એ વાત ખરી છે કે ચેકમાં વિગત બેંકમાં જે વ્યકિત હતી તેણે ભરી આપેલ. મારી પાસે નરેશભાઈની સહી વાળો ચેક હતો. એ વાત ખરી છે કે આ ચેક મે બેંકમાં ત્રિવેદીભાઈને કહેતા ભરી આપેલ, સાહેદ જણાવે છે કે ચેકમાં રકમ લખેલી હતી. એ વાત ખરી છે કે ચેકમાં નામ તથા શબ્દોમાં રકમ લખેલ છે તે અલગ અલગ બોલપેનના અક્ષર છે. આ ચેક ત્રિવેદીભાઈએ ભરી આપેલ. સાહેદ જણાવે છે કે રકમ તથા સહી આરોપીએ ભરી આપેલ. એ વાત ખરી છે કે જે દિવસે બેંકમાં ચેક ભરવા ગયેલ તે દિવસે ત્રિવેદીભાઈ બાકીની વિગત ચેકમાં ભરી આપેલ. મને આરોપીએ ચેક આપેલ જેમાં આગળ પાછળ સહી કરેલ જે ચેક હું બેંકમાં આ ચેક ચાલે કે નહી તેવુ બતાવવા માટે ગયેલ. બેંક વાળાએ મને આ ચેક ચાલે તેવુ કહેતા મે ચેક લઈ લીધેલ.' રેકર્ડ પર આવેલ આ બાબતો સુચવે છે કે ફરીયાદી પાસે જે ચેક હતો તેમાં માત્ર રકમ લખેલ હતી અને આરોપીની સહી હતી, ચેકની બાકીની વિગત તથા તારીખ બેંકના કર્મચારીએ લખેલ છે. ફરીયાદી તરફે વિ. વકીલશ્રીએ નામદાર કેરલા હાઈકોર્ટ '**Bhaskaran Chandrasekharan v. V. Radhakrishnan, reported in- AICLR-1998-3-398**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખી એવી રજુઆત કરેલ છે કે ચેકના ધારક ચેકની બાકીની વિગતો ભરી શકે છે. સદર ચુકાદામાં ઠરાવેલ બાબતો માનસહ વંચાણે લીધેલ છે, જેમાં ચેકમાં રહેલ સહી અને રકમ ચેકના ડ ોઅર દ્વારા લખવામાં આવેલ હોવા અંગે તકરાર ન હતી, માત્ર તારીખ ડ્રોઅર દ્વારા લખવામાં આવેલ નથી તેવુ રેકર્ડ પર આવતુ હતુ. આ પ્રકારની હકીકત સંદર્ભે નામદાર કોર્ટે કાયદાની કલમ– ૧૧૮ નુ અનુમાન ધ્યાને લેતા એવુ ઠરાવેલ કે ચેકમાં તારીખ લખવા માત્ર થી મટીરીયલ અલ્ટરેશન ગણાય નહી, ચેકના ડ

ોઅરની ઓથોરીટી મુજબ તારીખ લખવામાં આવેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે, આ સંજોગોમાં વિરુધ્ધનુ પુરવાર કરવાની જવાબદારી ચેકના ડ્રોઅરની છે. હાથ પરના કામમાં આ અનુમાનનુ ખંડન થતુ હોય તેવી બાબતો રેકર્ડ પર આવેલ છે. રીપીટેશન થશે છતાં ફરી તે સબંધે નોંધવામાં આવે તો પ્રથમ તો હાથ ઉછીના નાણા આપ્યાનો વ્યવહાર ચોકકસ કયારે થયેલ છે તે સબંધે ફરીયાદી તદન મૌન છે, તે સંદર્ભે તેઓએ કોઈ દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલ નથી, વધુમાં કુલ ૧૫ લાખના આ વ્યવહાર સબંધે અલગ અલગ કુલ– ૧૮ જેટલા ચેકો શા માટે ? તે પણ પ્રશ્ન ઉભો થયેલ છે, વધુમાં ચેકની વિગતો તેના ધારક ધ્વારા નહી પરંતુ બેંકના કર્મચારી ધ્વારા ભરવામાં આવેલ છે. આ તમામ બાબતો થકી ચેક તેની બાકીની વિગતો ભરવાની ઓથોરીટી સાથે આપવામાં આવેલ હોવાના અનુમાનનુ ખંડન થાય છે. ઓથોરીટી વગર ચેકમાં તારીખ વિગેરે લખવુ તે મટીરીયલ અલ્ટરેશન ગણાય અને **ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૮૭** મુજબ તે ખતને રદ ઠરાવે છે. ઉપરોકત બાબતો જોતા ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ ઓથોરીટી તેઓની રજુઆતના સમર્થનમાં છે તે રીતે તેને ધ્યાને લઈ શકાય તેમ નથી.

(૭.૧૪) ફરીયાદી તરફે વિ. વકીલશ્રીએ નામદાર સુપ્રિમ કોર્ટ 'Goa Plast (P) Ltd. v. Chico Ursula D'souza, reported in- 2004 (2) SCC 235' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખેલ છે, જે માનસહ વંચાણે લીધેલ છે, જેમાં સ્ટોપપેમેન્ટ કરાવવાના કારણે ચેક પરત ફરેલ હોય તો પણ કલમ– ૧૩૮ ના તત્વો આકર્ષાતા હોવાનુ નામદાર કોર્ટ ધ્વારા નોંધવામાં આવેલ છે. આ સંદર્ભમાં નામદાર સર્વોચ્ચ અદાલત 'Modi Cements Ltd. v. Kuchil Kumar Nandi, reported in- 1998 (2) GLH 577' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પણ માનસહ

વંચાણે લીધેલ છે. હાથ પરના કામમાં કાયદેસરની જવાબદારીના સંદર્ભમાં ચેક આપવામાં આવેલ હોવાના ફરીયાદીના કથનની વિશ્વસનીયતાને અસર કરે તેવી બાબતો રેકર્ડ પર આવેલ છે, આ સંજોગોમાં સદર ચુકાદામાં ઠરાવેલ બાબતો ફરીયાદીની રજુઆતના સમર્થનમાં છે તે રીતે તેને ધ્યાને લઈ શકાય તેમ નથી. ફરીયાદી તરફે વિ. વકીલશ્રીએ નામદાર સર્વોચ્ચ અદાલત 'Sadanandan Bhadran v. Madhavan Sunilkumar, reported in- 1998 (2) GLH 837' ની ઓથોરીટી રજુ કરેલ છે, જેમાં નામદાર કોર્ટે કલમ– ૧૩૮ ના ગુન્હા અંગે ફરીયાદ કરવાનુ કોઝ ઓફ એકશન પ્રથમ નોટીસ ઈશ્યુ કર્યા બાદથી શરુ થતુ હોવાનુ ઠરાવેલ છે, વધુમાં નોંધેલ છે કે ચેક તેની વેલીડીટી દરમ્યાન ગમે તેટલી વખત બેંકમાં પ્રસ્તુત કરી શકાય. હાથ પરના કામમાં આ ચુકાદો કેવી રીતે પ્રસ્તુત છે તે બાબત ફરીયાદીના વિ. વકીલશ્રી દર્શાવી શકયા નથી. ફરીયાદી તરફે વિ. વકીલશ્રીએ 'Anchor Capitals of India Ltd. v. State of Gujarat and Anr., reported in- 1998 (2) GLH 263' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખેલ છે, જેમાં ફરીયાદમાં 'ચેક દેવા અગર જવાબદારીના સંદર્ભમાં આપવામાં આવેલ છે' તેવા શબ્દો ન હતા તે આધાર પર ફરીયાદ કવોસ કરવા નામદાર કોર્ટ સમક્ષ કલમ– ૪૮૨ મુજબની અરજી કરવામાં આવેલ. આ સંદર્ભે નામદાર કોર્ટે કલમ– ૧૩૮ ના તત્વોની નોંધ કરતા નોંધેલ છે કે ફરીયાદની સમગ્ર હકીકત વંચાણે લેવી જોઈએ અને તેમાં જો દેવા અગર જવાબદારી સંદર્ભે કથનો હોય તો માત્ર ફરીયાદમાં કલમ– ૧૩૮ મુજબના ચોકકસ શબ્દો લખેલ નહી હોવાના આધાર પર ફરીયાદ કવોસ થઈ શકે નહી. આ જ સંદર્ભે ફરીયાદી તરફે વિ. વકીલશ્રીએ રજુ કરેલ 'Priti Bhojnagarwala v. State of Gujarat and Anr., reported in- 2002 (1) GLH 693' ની ઓથોરીટીમાં ઠરાવેલ બાબતો પણ

માનસહ વંચાણે લીધેલ છે. આ ચુકાદાઓ હાથ પરના કામમાં કેવી રીતે પ્રસ્તુત છે તે ફરીયાદીના વિ. વકીલશ્રી દર્શાવી શકયા નથી. એ જ રીતે આરોપી તરફે રજુ કરવામાં આવેલ નામદાર સર્વોચ્ચ અદાલત 'John K. John v. Tom Varghese, reported in- 2007 LawSuit (SC) 1139' તથા નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટ 'Kashmira Singh v. State of Punjab, reported in- 1983 LawSuit (P&H) 212' તથા નામદાર આંન્ધ્રપ્રદેશ હાઈકોર્ટ 'G. Ashok Kumar Goud v. P. Anjali Bai and another, reported in- 2012 LawSuit (AP) 123' તથા નામદાર સર્વોચ્ચ અદાલત 'G. Pankajakshiamma v. Mathai Mathew, reported in- 2004 LawSuit (SC) 384' તથા 'Sait Tarajee Khimchand v. Yelamarti Satyam, reported in- 1971 LawSuit (SC) 251' ના ચુકાદાઓ કેવી રીતે પ્રસ્તુત છે તે તેઓ દર્શાવી શકયા નથી. માત્ર ચુકાદાઓ રજુ કરી દેવામાં આવે તે પર્યાપ્ત નથી, કેસની તકરારના સંદર્ભમાં તે કેવી રીતે પ્રસ્તુત છે તે પણ દર્શાવવુ જરૂરી છે.

(૭.૧૫) સમગ્ર પણે જોવામાં આવે તો આ કામે ચેકમાં આરોપીની સહી હોવાનુ તથા તે ચેક રીટર્ન થતા તે સબંધે ફરીયાદીએ આરોપીને ધોરણસર ડીમાન્ડ નોટીસ આપેલ હોવાનુ પુરવાર થયેલ છે, પરંતુ ચેક ફરીયાદ હકીકત મુજબની જવાબદારીના સંદર્ભમાં ઈશ્યુ થયેલ હોવાનુ પુરવાર કરવામાં ફરીયાદી નિષ્ફળ રહેલ છે. આ સબંધેના ફરીયાદીના કથનનુ ખંડન કરતી તથા ફરીયાદીના કથનની વિશ્વસનીયતાને અસર કરતી બાબતો રેકર્ડ પર આવેલ છે. રેકર્ડ પર આવેલ બાબતો ફરીયાદી કોઈ હકીકત છુપાવી રહયા હોવાનુ અને પોતે કલીન હેન્ડેડ આવેલા નહી હોવાનુ પણ સુચવે છે. આ સંજોગોમાં આરોપી સામેનો આક્ષેપીત ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ મુજબ ગુન્હો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોવાનુ ઠરાવી, મુદા નં.૧ નો જવાબ

એ રીતે નકારમાં આપી, મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

<u>મુદા નં. ૨ ::–</u>

:: હુકમ ::

૧. આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ– ૨૫૫(૧) અન્વયે તેઓ સામેના આક્ષેપીત 'ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ – ૧૩૮' ના ગુન્હા અન્વયે નિર્દોષ ઠરાવવામાં આવે છે.

૨. આરોપીએ અપીલ સમય સુધીના રકમ રુા. ૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સાવરકુંડલા

તા. ૦૬/૦૭/૨૦૨૨

દશરથસિંહ જાલમસિંહ પરમાર

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને

એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

જી. જે. ૦૧૧૭૧